દક્ષિણ ગુજરાતનું દ્વિતિય મુખ્ય ફળ પાક કેરીના મહત્વના મૂલ્ય વર્ધિત ખાદ્ય પદાર્થ એવા પાકી કેરીના રસની ડબ્બાબંધી કરવાથી તેમજ ગ્લાસની બોટલોમાં હવાચુસ્ત રીતે બંધ કરવાથી ઉપભોકતા માટે કેરીના રસની લજજત માણવાની અવધી વધી જાય છે. સામાન્ય રીતે કેરીની લલણીની ઋતુ વખતે કેરીનો ભાવ બજારમાં જથ્થાના વધારાને કારણે ખુબ જ ઘટી જાય છે. કેરી સારી ગુણવત્તાની હોવા છતા ખેડૂતોને ઓછા ભાવ મળે છે અથવા તો ન વેચાયેલી પાકી કેરી બગડી જતા નુકસાન થાય છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના સેન્ટર ઓફ એકસીલન્સ ઓન પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી દ્વારા કેરીના રસની ડબ્બાબંધી તેમજ રસના બાટલા વિદ્યાર્થીઓના શિક્ષણની સાથે વણી લઈ તૈયાર કરવામાં આવેલ છે. આ રસ શુધ્ધ,સાત્વીક અને ભેળસેળ વગરનો તેમજ કોઈપણ પ્રિઝરવેટીવ કે સીન્થેટીક કલર અને ફલેવર વગરનો પ્રાકૃતિક છે. **"નવરોજી"** કેરીનો રસ; કૃષિ ગ્રાહક સહકારી ભંડાર, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા શાખા પાસે, ન.કૃ.યુ. નવસારી તેમજ મેન્ગો પ્રોસેસીંગ પ્લાન્ટ, ન.કૃ.યુ. નવસારી ઉપર સંપર્ક કરતા વ્યાજબી કિંમતે ખરીદી શકાશે અને આપના પ્રસંગો તેમજ તહેવારોની મિઠાશ વધારી શકાશે.

